# કલાશિક્ષણની પૂર્વ ભૂમિકા

કલા આપણા ખંડ, દિવાલોને કે સ્થાવર, જંગલ મિલકતોની સાથે સમગ્ર અસ્તિત્વને પણ શણગારે છે.

- જૈમિની રોય

વ્હાલા વિદ્યાર્થી ભાઈ-બહેનો આપને ચિત્રકલા વિષયના અભ્યાસક્રમની પસંદગી માટે આવકારીએ છીએ. આપણે જાણીએ છીએ કે ચિત્રકલાનો અભ્યાસ આપણા જીવનને લયબદ્ધ રાખવામાં મદદરૂપ થાય છે.

તમે ગમે તે વિષયનો અભ્યાસ કરશો તો એક વાત સ્પષ્ટ સમજાઈ જશે કે દરેક વિષયના મૂળમાં ચિત્રકલાની સૂઝ અત્યંત જરૂરી છે.

ડૉક્ટર બનવું હશે તો શરીરની એનોટોમીના અભ્યાસમાં અને સર્જરી કરતી વખતે ચિત્રની એકાગ્રતા વધારવામાં, એન્જીનીયર બનવું હશે તો નકશા બનાવવામાં, આર્કિટેક બનવું હશે તો પરસ્પેક્ટીવના અભ્યાસમાં ચાર્ટડ એકાઉન્ટ, વેપારી કે ઉદ્યોગપતિ બનશો તો ઘર કે કાર્યાલય ને શણગારવા માટે, કપડાંની પસંદગી માટે કે અનેક નવાં યંત્રોની બનાવટમાં, તેને સુંદરઘાટ આપવામાં, રાચરચીલું ગોઠવવામાં ચિત્રકલાની તમારી સૂઝ તમને મદદરૂપ થશે.

કલા શબ્દ સંસ્કૃતમાં 'કલ' ધાતુ પરથી ઉપરથી ઊતરી આવ્યો છે. 'કલ' એટલે જાણવું. કલા દ્વારા આપણે જીવન જીવવાની મધુરતા માણી શકીશું. કલા દ્વારા થતો સૌંદર્ય અનુભવ એટલે જગતવ્યાપી સંવાદિતા. હતાશાને ખંખેરીને ચેતનાને ઝંકૃત કરવાની દૃષ્ટિ કલાના શિક્ષણ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. તેથી કલાને સંસ્કૃતિના વાહક તરીકે સ્વીકારવામાં આવી છે. કલાનું પોષણ જે તે સમાજ દ્વારા જ થાય છે અને આ માનવજીવનનો વ્યવહાર કલા દ્વારા વિકાસ પામે છે. આ રીતે કલા અને સંસ્કૃતિ એક રસ થઈને જ જીવનમાં માધુર્ય પ્રગટાવે છે.

NATA - (National Aptitude test in Architecture)

NID - (National Institute Design)

NIFT - (National Institute of fashion Technology)

જેવી આધુનિક ટેકનીકલ શિક્ષણ આપતી સંસ્થાઓનો પરિચય કેળવીશું :